ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૬-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### દૂરોગામી સૂચિતાર્થો ધરાવતી ભૂટાનયાત્રા

ઘરઆંગણે બેફામ રીતે વધતી જતી મોંઘવારી જેવા પ્રશ્નો મૌન ધારણ કરનાર નરેન્દ્ર મોદી હવે પોતાની જાતને દક્ષિણ એશિયાના સૌથી પ્રભાવશાળી નેતા તરીકે પ્રસ્તાપિત કરનારા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં વ્યસ્ત બની ગયા છે. શપથવિધિ ટાણે સાર્ક દેશોનાં વડાઓને ભાવભીનું નોતરું આપીને નરેન્દ્રભાઈએ એનો શુભારંભ કરી દીધો હતો. એ પછી દિલ્હી બહાર દેશમાં પહેલો પ્રવાસ કર્યો તે ગોવા નજીક દરિયામાં રાષ્ટ્રના નૌકાદળમાં પ્રચંડ યુદ્ધપોત વિક્રમાદિત્યના લોકાર્પણ નિમિત્તે, જેનો સ્પષ્ટ સંદેશ એ હતો કે ભારત સૈન્ય શક્તિની રૂએ હવે પાડોશી મહસત્તા કરતાં કોઈ પણ રીતે ઊતરતી સ્થિતિમાં નથી. એક કાંકરે બે પક્ષી મારવાની આ વ્યહાત્મક ચાલ હતી. ભારતની સૈન્યશક્તિ પાકિસ્તાન અને ચીન બેઉની આંખમાં કણાની જેમ ખટકે તે સ્વાભાવિક છે. યુપીએ સરકારે એના દશ વર્ષનાં શાસનકાળમાં શસ્ત્રસરંજામની ખરીદી મુદ્દે ભારે વિલંબ અને બેદરકારી દાખવી હતી. એની પાછળનું એક કારણ એ પણ હતું કે 'મિ. ક્લિન' તરીકે ઓળખાતા તત્કાલનીન સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટોનીની શસ્ત્ર સરંજામની ખરીદીમાં 'આગે સે ચલી આઈ' રીત રસમોમાં પડવા તૈયાર ન હતા. બોફોર્સનું ભૂત આટલાં વર્ષો પછી પણ કોંગ્રેસને બીવડાવતું રહ્યું છે. હવે સત્તા પરિવર્તન થતાંની સાથે એનડીએના વડાપ્રધાને સામે ચાલીને વૉરરૂમમાં સંતલસ શરૂ કરી છે. દેશને સંરક્ષણ મુદ્દે મજબૂત બનાવવો એ મોદી સરકારની ટોપ પ્રાયોરિટી છે. આઈએનએસ વિક્રમાદિત્યના લોકાર્પણ પછી બીજા જ દિવસે આ એજન્ડાના જ ભાગરૂપે દેશબહાર પહેલો પ્રવાસ એમણે ભૂટાન જેવા ટચૂકડા છતાં સંરક્ષણ દૃષ્ટિએ વ્યૂહાત્મક એવા પાડોશી દેશનો કર્યો. દુનિયા આખી મોદીની એક એક પગલાંનું પગેરું લઈ રહી છે. એમાં ભારતને શત્રુ રાષ્ટ્રો માની બેઠેલા પાકિસ્તાન જેવા પાડોશીથી લઈ લુચ્ચા શિયાળની જેમ તક જોઈને તરાપ મારવા ટાંપી રહેલાં પૂર્વ એશિયાના અને દક્ષિણ એશિયાના સૌથી વધુ વસતી તથા સૈન્ય શક્તિ ધરાવતા સામ્યવાદી ચીનથી લઈ અમેરિકા, યુરોપ, રશિયા, જાપાન, અરબ સાગરની ખાડીનાં ઈસ્લામિક દેશો અને ઈઝરાયેલ સમેત આખું વિશ્વ સમાઈ જાય છે. મોદીને ધોળે ધરમે વિઝા નહીં આપવાનો સંકલ્પ કરી બેઠેલ અમેરિકા હવે એમના માટે લાલજાજમ પાથરી રહ્યું છે તો વળી સરહદના વિવાદનો સુમેળભર્યો ઉકેલ આણવાની ખાતરી સાથે ચીનના વિદેશમંત્રીએ બેઉ પાડોશી રાષ્ટ્રો એકમેક સાથે જ્ઞાન-વિજ્ઞાન અને વ્યાપાર વાણિજ્ય જેવી બાબતોમાં આગળ વધે એવા સંકેતો આપી મોદીને ચીનની મુલાકાતનું નોતરું પાઠવતા ગયા છે. પરંતુ ચીન કે અમેરિકાના લકઝુરિયસ પ્રવાસ પહેલાં વડાપ્રધાન મોદીએ ભૂટાન જેવા સાવ જ નાના, ગરીબ દેશનો પ્રવાસ ખેડી પોતે દક્ષિણ એશિયાના નાના દેશોને વધારે મહત્વ આપવા માગે છે અને સમગ્ર ઉપખંડમાં ભારતને સમ્માનજનક સ્થિતિએ પ્રસ્થાપિત કરી ઉપખંડને વિશ્વની એક મોટી તાકાત તરીકે ઊપસાવવા માગે છે, એવો સ્પષ્ટ મેસેજ પાઠવી દીધો છે. ભૂટાન વ્યૂહાત્મક રીતે ખૂબ અગત્યનું પાડોશી છે. એની સરહદ એક તરફ ચીન સાથે જોડાયેલી છે તો બીજી તરફ ભારતના અંગભૂત સિક્કીમ અને પૂર્વોત્તરના આસામ તથા અરૂણાચલ સાથે એ છેડા અડકે છે. ચીન અરૂણાચલ પર એનો હક્ક દાવો કરતું રહ્યું છે. ભૂટાન સાથે સંબંધો વધારીને ચીને ભારત માટે ભયજનક સ્થિતિ પેદા કરી છે. પરંતુ છેલ્લે ભૂટાનમાં સત્તા પરિવર્તન થયા પછી નવા સત્તાધીશોએ ભારત સાથે સંબંધો વિકસાવવાની નીતિ અપનાવી છે. ભૂટાનના સત્તાધીશો પણ સમજે છે કે ચીન ભુખાળવું ડ્રેગન છે, જે કોઈ પણ ક્ષણે તિબેટની જેમ એને ઓહિયાં કરી જઈ શકે એમ છે. ભારત જ એમને ચીનના વિસ્તારવાદી પંજામાંથી બચાવી શકશે, એવી પ્રતીતિ નવા સત્તાધીશો ઉપરાંત ભૂટાનના રાજવીનાં વચનોમાં વરતાઈ રહી છે. રાજાએ ભારત અને ભૂટાનના સંબંધો દૂધ અને પાણી જેવા કહ્યા તે સૂચક છે. પાણીને દૂધથી જુદું પાડી શકાતું નથી. મોદીએ બહુ જ સાચવી સાચવીને 'બી ટુ બી' - ફોર્મ્યુલા આપી છે અને આ બેઉ 'બી' ભારત અને ભૂટાનના સંબંધો વિકસતાં ઉપખંડ વધુ શક્તિશાળી બનશે તેવો અભિપ્રાય દર્શાવ્યો છે. હિમાલયને સહિયારા સંપદા ગણી એનું જતન કરવાની વાત કરતાં સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવાની દરખાસ્ત કરી છે, તો વળી નવા હાઈડ્રો પાવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરી ભારત અડધા બોલે નાના પાડોશીઓની પડખે રહેવા તૈયાર રહેશે એવી ખાતરી આપી છે. અગાઉથી ચાલ્યો આવતો તમામ સહકાર યથાવત રાખવા ઉપરાંત નહેરુ-વાંગચુક સ્કૉલરશિપની રકમ બમણી કરીને ભારતે પોઝિટિવ સંકેત આપ્યો છે, તેની સામે ભૂટાને પણ પોતાની ધરતી પરથી ભારત વિરુદ્ધ કોઈ આતંકવાદીઓ માટે ભૂટાન એક સલામત આશ્રયસ્થાન રહ્યું છે, જેની ભારતે નોંધી લીધી છે. વડાપ્રધાને 'ટેરરિઝમ' તોડે છે અને 'ટૂરિઝમ' જોડે છે - એ મુદ્દો રમતો મુકી ભૂટાનને પ્રવાસન ક્ષેત્રે પણ મદદરૂપ થવાનો સંકેત આપ્યો છે. વડાપ્રધાને ભૂટાનની સંયુક્ત સંસદને હિંદીમાં સંબોધીને ભારતીય ઉપખંડની મોટી ભાષા તરીકે હિંદીનું પણ બહુમાન કર્યું ગણાય. નરેન્દ્ર મોદી એમનું અંગ્રેજી ભાષણ વાંચવાને બદલે સીધું હિન્દીમાં સંબોધન કરે છે, તેની નોધ લેવાવી જોઈએ. અમેરિકા પણ ચીનના વધતા પ્રભાવને રોકવા ભારતીય ઉપખંડમાં ભારત સમર્થ મહાસત્તા તરીકે ઊપસી રહે એમ જ ઈચ્છે છે. એ દૃષ્ટિએ મોદીની ભૂટાન યાત્રા અત્યંત સાંકેતિક અને સાર્થક ગણાશે.

# રવિવારે ગાંધીનગરની બે દિકરીઓ ભરતનાટ્યમ ક્ષેત્રે આરંગેત્રમ્ કરશે



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર માત્ર રાજકીય રાજધાની નથી પરંતુ સાહિત્યિક અને સાંસ્કૃતિક કલા ક્ષેત્રે પણ રાજધાની બનતું જાય છે. આ નગરની બે પ્રતિભાશાળી દિકરી આગામી રવિવારે તા. ૨૨મી જુને ભારતની શાસ્ત્રીય નૃત્યકલા અને સંસ્કૃતિને જીવંત રાખવા સાત વર્ષની કઠોર સાધના બાદ ભરતનાટ્યમ્ ક્ષેત્રે 'આરંગેત્રમ્' કરી રહી છે. આ કાર્યક્રમ સે-૨૩ના કડી સંકુલમાં આવેલ ખીમજી વિસરામ હોલ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે

જન્મજાત કલાકાર અને અમદાવાદ સ્થિત ભારતી સ્કૂલ ઓફ ઈન્ડીયન કલાસીકલ ડાન્સીસના નિયામક કલાગુરુ શંકુતલા ઓઝા પાસેથી કલા-કસબ પૂર્ણતા પ્રાપ્ત કરીને કુ. જિલ વિજય જોશી અને કુ. ઝરણા જયેશ ભાવસાર આરંગેત્રમ્‌ના પ્રથમ તેજ પૂજને સમર્પિત કરશે. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડો. કનુભાઈ ડી. પટેલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, સાચોરા જ્ઞાતિના પ્રમુખ શ્રીમતિ પ્રિતિબેન દવે અને ભાવસાર સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસારની ઉપસ્થિતિમાં યોજાશે.

એમ.બી. પટેલ કન્યા વિદ્યાલયના ધોરણ-૮માં અભ્યાસ કરતી કુ.જિલ તેના પિતા વિજય જોષી અને માતા ગીરા જોષી માટે અને આજ વિદ્યાલયના ધોરણ-૭માં અભ્યાસ કરતી કુ. ઝરણા તેના પિતા જયેશ ભાવસાર અને માતા સોનલ ભાવસાર માટે આરંગેત્રમ્ દ્વારા ગૌરવ અપાવવા જઈ રહી છે. આ બંને બાળાઓએ આર.એન. લલિતકલા એકેડમીમાં તાલીમ મેળવી છે. આ આરંગેત્રમ્‌માં આ બંને બાળાઓ તોડ મંગલમ્, ગણેશ કૌતુવમ્, અલ્લારિપુ, જતિસ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, કિર્તનમ્, પદમ્, શ્લોકમ્, તિલ્લાના અને મંગલમ્ જેવી નૃત્યકૃતિઓ પ્રસ્તુત કરશે.

## હરિની દૃષ્ટિ...




બહેન, કાર્બાઇડવાળી કેરી બહુ ખાધી લાગે છે, વાળ સફેદ થઇ ગયા અને મોં કાળુ....!!

# ગાંધીનગરમાં આનંદમેળાની તડામાર તૈયારીઓ શરૂ



ગાંધીનગર, તા.૧૫

વર્ષાઋતુના આગમન સાથે આપણા સમાજમાં વિવિધ ઉત્સવો અને ધાર્મિક વ્રતોની હારમાળા શરુ થાય છે. કુંવારીકાઓથી લઈ પરિણિત મહિલાઓ માટે અનેક વ્રત સાધનાના દિવસો આવતા વ્રતોની ઉજવણી માટે બાળકો અને મહિલાઓ જાગરણ સાથે મનોરંજન માણવા નિકળી પડે છે. આ ઉજવણીનો લાભ લેવા આનંદમેળાના આયોજકો પણ બાળકોને ગમતા મનોરંજન માટે બાળનગરી ઉભી કરી તેમના મનોરંજનમાં વધારો કરે છે.

દર વર્ષે ગાંધીનગર શહેરના સેક્ટર-૬ના મેદાન ખાતે આ પ્રકારની બાળનગરી અને આનંદમેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ વ્રતોનું આગમન થતા બાળનગરીના આયોજકો વિવિધ અવનવી રાઈડસ, ચકડોળ, ચકરડી, ખાણી પીણી બજાર, મોતનો કુવો જેવી અનેક મનોરંજનની સુવિધાઓ વડે બાળકોને આકર્ષવા પ્રયત્ન કરી રહ્યા છે. જેને લઈ હાલ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# ચાલુ વર્ષે ડ્રેસ, બેગ, પુસ્તકોના ભાવમાં ધરખમ વધારો કરાયો

## ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ થતાંની સાથે જ બાળકો વાલીઓ પુસ્તકો, સ્ટેશનરી ખરીદવામાં ઘસારા

અમદાવાદ, તા.૧૭

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ થતાં જ લગભગ તમામ શાળાઓ શરૂ થઈ ગઈ છે. બાળકોને બે માસના વેકેશનની મોજમજા પર બ્રેક લાગી ગઈ છે. એક બાજુ આખો દિવસ રમી તોફાન-મસ્તી કરતાં બાળકોના મોઢા શાલાના નામથી પડી ગયા છે, તો બીજી બાજુ મા-બાપ સ્કુલ ડ્રેસ, સ્કુલબેગ, પુસ્તકો, બુટ વગેરેના ભાવમાં થયેલા તોતીંગ વધારાથી વાલીઓનું બજેટ વેરવીખેર થઈ ગયું છે.

ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ થતાંની સાથે જ બાળકો વાલીઓ પુસ્તકો અને સ્ટેશનરી ખરીદવામાં ભારે ઘસારો કરી રહ્યા છે. એક સપ્તાહથી ખરીદી વધુ શરૂ થઈ છે જે હજુ દસેક દિવસ ચાલશે ત્યારે મોંઘવારીનો માર વાલીઓને દઝાડી રહ્યો છે. પ્રાથમિક શાળામાં ભણતા એક વિદ્યાર્થીના સરેરાશ પુસ્તકો એક હજાર રૂપિયાના, બે યુનિફોર્મ રૂા. ૧૫૦૦, રૂા. ૫૦૦ના બુટ, સ્કુલ બેગ, વોટર બોટલ વગેરે મળી રૂા. ૫૦૦ બીજા રૂા. ૩૫૦૦ એક બાળક માટે વાલીએ ખર્ચવાની તૈયાર રાખવાની હોય છે. જો બાળક ધોરણ-૮ ઉપર ભણતો હોય તો રૂા. બે હજાર વધુ ગણી લેવાના. આ બધા ઉપરાંત શાળા ફી, સત્ર ફી વગેરે વધારાના છે. શાળાઓ, સ્કુલના પાઠ્યપુસ્તકો વેચતા વિક્રેતાઓ, રેડીમેઈડની દુકાનો, બુટની દુકાનોમાં દિવાળી જેવો માહોલ બન્યો છે જયારે વાલીઓ માટે વર્ષનો સૌથી કપરો સમય આવ્યો છે. આમા પણ સ્કુલ બેગમાં અવનવી વેરાયટીઓ બજારમાં મુકાઈ છે. જે વાલીઓનું ખીસ્સુ હળવું કરે છે અને વિક્રેતાઓના નફામાં વધારો કરે છે. ભાર વગરના ભણતરની જેમ ટ્રોલી બેગ તથા કાર્ટુનના પાત્રોવાળા બેગોની બોલબાલા વધારે હોય છે બોટલ પણ રૂા. ૯૦ થી ૩૫૦ વાળી બોટલ બજારમાં ઉપલબ્ધ છે.




### એમ.પી. ચૌધરી ટ્રસ્ટનું સેવાકીય કાર્ય

આકરી ગરમીમાં માણસ પરસેવે રેબઝેબ થઈ જતો હોય છે ત્યારે તેને ફકત એક ગ્લાસ પાણી મળવાથી તેના શરીરમાં ટાઢક વળી જાય છે. જુના જમાનામાં પાણીની પરબ માટે પબ્લિકની અવરજવર વાળા વિસ્તારમાં માટલા મુકવામાં આવતા હતા. સમય જતા ઠંડા પાણી માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા મિનરલ પાણીના જગ મુકવામાં આવી રહ્યા છે. ગાંધીનગરની એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાળઝાળ ગરમીમાં રાહત મળી રહે તે માટે ઘ-૩ અને ચ-૩ સર્કલ પર વટેમાર્ગુઓ માટે મિનરલ પાણીના જગ મુકવામાં આવ્યા છે. દરરોજ ૧૮ બોટલ ઠંડુ પાણી ભરેલા જગ વટેમાર્ગુઓ ની સેવામાં જાય છે ત્યારે ઠંડુ પાણી લોકોની તરસ છીપાવે છે. ઘ-૩ સર્કલ પાસેની પરબની દેખરેખની સેવા વાવોલના ચાની કિટલી ચલાવતા સદાજી ઠાકોર કરી રહ્યા છે. તેમજ ચ-૩ સર્કલે ટ્રાફિક પોલીસના જવાનો દ્વારા દેખરેખ કરવામાં આવે છે. જે ખરેખર પ્રશંસનીય છે ત્યારે આ પરબની સેવાથી અનેક તરસ્યા લોકો પોતાની તરસ છીપાવી રહ્યા છે.

## ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જણાવાયું છે કે જે પરીક્ષાર્થીઓએ માર્ચ-૨૦૧૪ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪ની પરીક્ષાના ઉત્તરવહીનાં અવલોકન માટે અરજી કરેલ છે. તેવા પરીક્ષાર્થીઓના અવલોકન માટેના કોલલેટર ટપાલમાં રવાના કરેલ છે. આમ છતાં ન મળે તો બોર્ડની વેબસાઈટ http://avlokan.gseb.org. ઉપર સીટ નંબર એન્ટર કરી કોલલેટર મેળવી શકાશે.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં બીએ હોમ સાયન્સમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૭માં આવેલ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ બીએ હોમ સાયન્સ સહિત અનેક કોર્સીસમાં પ્રવેશ કાર્ય ચાલુ છે. આ કોલેજના અભ્યાસક્રમોમાં પ્રવેશની લાયકાત ધોરણ-૧૨ પાસ રાખવામાં આવેલ છે.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ચલાવાતા હોમ સાયન્સના ડિગ્રી કોર્સમાં વિષયોના પ્રાયોગિક માર્ગદર્શન માટે અદ્યતન સુવિધાઓથી સજ્જ લેબોરેટરીની વ્યવસ્થા છે તેમજ આ વિદ્યાર્થીનીઓને ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટ સંસ્થા દ્વારા આ કોલેજમાં જ ૨ મહિનાના કોર્સની તાલીમ મફત આપવામાં આવે છે અને આ તાલીમ લેવા પર પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. આ ઉપરાંત ભારત સરકારના નાણા વિભાગ અને સ્ટાર પ્રોજેકટ અંતર્ગત રીટેલ માર્કેટીંગના સર્ટીફીકેટ કોર્સની પણ મફત તાલીમ આપવામાં આવે છે. આ બને કોર્સમાં સરકાર તરફથી સ્ટાઈપેન્ડ પણ ચુકવવામાં આવે છે. આ કોલેજમાંથી બીએ હોમસાયન્સમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીનીઓ વિવિધ કોલેજમાં પ્રાધ્યાપક, સમાજ સેવિકા, હેલ્થ વર્કર, ડાયટીશ્યન, આંગણવાડી કાર્યકર, તલાટી તેમજ ગુજરાત સરકારના હેલ્થ પ્રોજેકટમાં પણ કાર્યરત છે. આ ઉપરાંત આઈટીઆઈના કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં બ્યુટીફીકેશન, કોમ્પ્યુટર અને સિવણકલામાં સબ્જેકટ ઈન્સ્ટ્રકટર તરીકે પણ કાર્યરત છે. હાલ આ કોલેજમાં પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ છે અને પ્રવેશની પાત્રતા ધો-૧૨ પાસ રાખવામાં આવેલ છે.

# આજે ટુચકા, શાયરી સાથે વરસાદી આશિકી!

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

સદીઓથી માહ્યલો આશિક કોઈ પાત્રને શોધ્યા કરે છે અને તે... મળી જાય તો મન ભરીને સમજવું છે અને પછી તે પાત્ર ન મળે તો... સમજ ભરીને મનને મનાવી લેવું છે. પણ વરસાદ આવતા જ વરસાદ પોતે એક પાત્ર બનીને રજૂ થાય છે. જે પ્રેયસીનાં બધા કામ ચોરી છૂપીથી અને ધડાધડ કરી નાખે છે. વરસાદ માત્ર તનને ભીંજવવાનું કામ કરતો હોત તો પછી તે ફુવારા તરીકે ઓળખાતો હોત! આ તો તન-મન અને અસ્તિત્વ આખાને તરબતર કરી જાય છે. રાજેન્દ્ર શુક્લએ બરાબર ગાયુ છે. વરસાદી વાતાવરણને લાગુ પડે છે.

આપણા સામટા શબ્દો ઓછા પડે,
એમનાં મૌનને એટલા રંગ છે.

આપણી મોટી... મજાક કોઈ કરી જતું હોય તો તે છે - જેવાં કે યૌવન. જેની આપવાની ખબર પડે, તેને માણીએ અને જાણીએ એ પહેલાં તો સડસડાટ ભાગી જાય છે. તે આપણી જીવન શૈલી અને હકારાત્મક વિચારોથી ઘડાય છે.

કહી કહીએ કિતની જલ્દ જવાની ગુજર ગઈ,
અબ ઢૂંઢતા હું જો કિધર આઈ કિધર ગઈ
મેં સિર્ફ ઈસકી ઈતની હકીકત સમજ સકા,
ઈક મૌજથી જો આઈ ઊઠી ઔર ઉતર ગઈ

●●●

હોય ચોમાસું, ધરા તરસી રહે?
મેઘ થૈને કોક ત્યાં વરસી રહે !

ચોમાસું એટલું વેગીલું અને ધારદાર હોય છે કે તે કોઈને પણ તરસની નજીક ખેંચી જાય. તેની એક લપાટ અને થપાટ બધાને ભીંજવી નાખવા પુરતી છે.

એકવાર એક માણસે પોતાના મિત્રને જમવા માટે બોલાવ્યો, બોલાવનાર સંગીત પ્રેમી હતો. એણે મિત્રને તહેર- તરેહનાં વાંજિત્રો વગાડીને સંભળાવ્યા. મિત્રના ભૂખને લીધે ખરાબ હાલ થયા. પેલાએ પુછ્યું કે તને વધુ સુરીલો અવાજ કોનો લાગે છે? સિતારનો કે વીણાનો? મિત્રએ કહ્યું કે અત્યારે તો મને કડછી અને કડાઈનો અવાજ દુનિયામાં સૌથી વધુ સૂરીલો લાગે છે!

●●●

ભારતમાં એક સાથે ઈન્ડિયા અને ભારત જીવે છે. ત્રીસ ટકા લોકોને બે સમયનું પૂરતું ભોજન દુર્લભ છે. છતાં ગરીબી હોય એટલે તેના જીવનમાં કોઈ આનંદ જ ન ોય એ વાત ખોટી. તેમનો સંઘર્ષ તેમને જીવાડી આપે છે.

ગરીબોના દુ:ખોની વાત એવા લોકો શું જાણે?
નિરાંતે પોઢતા જે હોય રેશમની તળાઈમાં

વ્યક્તિ કયારેક પોતાના દુ:ખની વાત કોઈને ન કહી શકે ત્યારે પોતે જ પોતાનો ગુરૂ બની જાય છે અને એક એક ડગલું સમજી વિચારી આગળ મૂકે છે.

વીતી કેટલી કેવી એ પલ લખું છું,
હું થાકીને ખુદને જ કાગળ લખું છે.

કેટલાકને જીવનમાં બીજું કશું જ ન આવડ્યું હોય બસ કેટલાક નામ લખતાં આવડ્યું હોય. અદમ ટંકારવીની આ મૂંઝવણ પણ માળવા જેવી છે.

એક તારું જ નામ લખતાં આવડ્યું,
તે પછી તો સ્લોટ આ કોરી રહી.

●●●

આપણા ગુણવંત શાહના નિબંધ વિના તો ચોમાસું પણ કોરું લાગે. કુદરતને પણ મહેફિલ બનાવી દેનારી આ પંક્તિઓ બાથમાં લેવા જેવી છે. સાંભળો... 'દિવસો સુધી વરસાદની પ્રતિક્ષા કરવી એ જ ભક્તિ. વરસાદ ન આવે ત્યાં સુધી જેઠ મહિનાનો આકરો તાપ વેઠવો જ તપશ્ચર્યા! પહેલાં વરસાદમાં મન મુકીને પલળવું એ જ કીર્તન! વરસાદના એકધારા ષડ્જ સ્વરને કાન દિને સાંભળવો એ જ ભજન! આકાશમાંથી સહસ્ત્રધારે વરસતી અમૃતધારા સાથે એકરૂપ થવું એ જ ધ્યાન! વરસાદમય બનીને અસ્તિત્વના ઉત્સવમાં ખોવાઈ જવું એ જ યોગ!'

●●●

પત્નીની પસંદગી એક સમયે માતા-પિતા દ્વારા થતી તે વખતનો ટુચકો :

છગન : 'અરે યાર, વર્ષો થઈ ગયા, લગ્ન તો કરવા છે પણ બહુ અડચણો આવે છે, જેટલી પણ છોકરીઓ મને પસંદ કરે છે તે મારી મમ્મીને પસંદ નથી આવતી...'

મગન : 'વેરી સિમ્પલ... તારી મમ્મી જેવી સાડી, અંબોડો સાથે પેશ કર... તેવી તૈયારી કરીને મોકલ...'

છગન : 'તે પ્રયોગ પણ નિષ્ફળ ગયો.'

મગન : 'કેમ?'

છગન : 'મમ્મીને ગમી પણ મારા પપ્પાને તે પસંદ ન્હોતી પડતી.'

બીજો એક મમ્મીની દીકીરનો ટુકચો મજા કરાવે છે.

નરેશ મમ્મી સાથે યુવતીને જોવા ગયો.

યુવતીની મમ્મી : મારી દીકરીનો અવાજ કોયલ જેવો, ચાલ હરણી જેવી અને સ્વભાવ ગાય જેવો છે.

નરેશ : બધું બરાબર! પણ એમાં માણસ જેવો કોઈ ગુણ છે?

●●●

કેટલીક કવિતાઓ સુખ-દુ:ખની છાંટવાળી હોય છે. આપણી પ્રચલિત માન્યતાઓને રખડાવી નાખે તેવી દુખ ભરી પંક્તિઓ...

પહેલું દુ:ખ તે ચાંદુ, બીજું દુ:ખ તે બૈરું માંદુ
ત્રીજું દુ:ખ તે પાડોશી લબાડ, ચોથું દુ:ખ તે બારણે તિરાડ

વાદળથી છૂટું પડતું પાણી કેવી રીતે આપણને અડકી આપણું થઈ જાય છે.

વરસીને મેઘે સજાવ્યાં છે કોરા તન-મન
ન અકડ્યાનો વાદળને હવે રહ્યો ન રંજ

માણસની વાત કયાં કરવી પ્રકૃતિનું પ્રત્યેક તત્ત્વ વરસાદને ઝીલવા તત્પર બન્યું છે.

શ્રાવણની સરવાણીને આલિંગવા
અવનિ થતી અધીરી, પાણી પાણી

અંગ્રેજીમાં સરસ વાક્ય કયાંક વાંચ્યું હતું, 'ચેન્જ યોર ડ્રેસ, ચેંજ યોર એડ્રેસ, બટ નેવર ચેન્જ યોર સ્માઈલીંગ ફેસ.'

એકની મુશ્કેલી બીજીને ફાયદો કરાવનારી પણ હોય છે. સાંભળો નટુનો અનુભવ.

નટુ : દોસ્ત ગટુ, મારો એક કર્મચારી ઓફિસમાં ઊંઘી જતો હતો.

ગટુ : તો તો તેં એને નોકરીમાંથી કાઢી મૂક્યો હશે.

નટુ : ના યાર, મેં એનો પગાર વધારી દીધો.

ગટુ : શા માટે?

નટુ : તેનાં નસકોરાંનાં અવાજથી ઓફિસનાં બીજા કર્મચારી જાગતા રહેતા હતા.

બસ, આ વર્ષે વરસાદને માણવાનું મન
કોઈને પણ મનભરીને સાદ દેવાનું ઈજન
રાત હવે કયાં બહુ સૂરિલી લાગે સજન
દેવોને છત્રમાંથી બહાર ભીંજવવાની લગન.